# પાલનપુર પાલિકા ઉપપ્રમુખની આત્મવિલોપનની ચિમકી

## નગરપાલિકા નિયામકે ફટકારેલી પાંચ નોટીસનો ખુલાસો આપવામાં ઠાગાઠૈયા કરી પાલિકાના સત્તાધીશોને છાવરતા પ્રશાસન સામે બ્રહ્માશસ્ત્ર ઉગામતા પાલિકા ઉપપ્રમુખ:૧૪ દિવસમાં ન્યાય નહી મળે તો ૨૫મી મે ના રોજ કલેકટર કચેરી સમક્ષ કરશે આત્મવિલોપન



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા.૧૪

એકબાજુ ભ્રષ્ટાચાર મુકત ભારતના નિર્માણ માટે ગુજરાતના પનોતા પુત્ર ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી મુહીમ ચલાવી રહ્યા છે. ત્યારે ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં ચાલતા ભ્રષ્ટાચારને બેનકાબ કરવા મેદાને પડેલા ખુદ પાલિકા ઉપપ્રમુખને પણ ન્યાય ન મળતા હવે તેઓએ આખરી હથિયાર તરીકે બ્રહ્માસ્ત્ર ઉગામી આત્મવિલોપનની ચિમકી ઉચ્ચારતા ચકચાર મચી જવા પામી છે. ખુદ ભાજપ શાસિત પાલિકાના ઉપપ્રમુખે પાલિકાના ભ્રષ્ટ શાસકોને છાવરનાર જીલ્લા પ્રશાસન સામે ન્યાયની ગુહાર લગાવતા આગામી ૧૪ દિવસમાં ન્યાય નહી મળે તો કલેકટર કચેરી સમક્ષ આત્મવિલોપન કરવાની લેખિત ચિમકી આપતા ખુદ પ્રશાસન સહીત ભાજપ મોવડીમંડળ પણ હરકતમાં આવી ગયું છે.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં ભાજપ મોવડી મંડળની ગાંધારીની ભુમિકા વચ્ચે પાલિકા પ્રમુખ-ઉપપ્રમુખ વચ્ચેનો વિવાદ ચરમસીમાએ પહોંચ્યો હતો. ત્યારે ખુદ પાલિકાના ઉપપ્રમુખ અમૃતભાઈ દાઢીએ ભાજપ શાસિત પાલિકામાં ચાલતી ગેરરીતીઓ સામે બાંયો ચડાવી નગરપાલિકા નિયામક સમક્ષ લેખિત રજુઆતો કરી ન્યાયની ગુહાર લગાવી હતી. ભાજપ મોવડી મંડળ સમક્ષની છાશવારે કરેલી મૌખિક અને લેખિત રજુઆતો છતાં કોઈ પરિણામ ન આવતા નગરપાલિકા નિયામક સમક્ષ પાલિકા ઉપપ્રમુખ અમૃત જોશીએ પાલિકાના પ્રમુખ હસમુખ પઢિયાર અને તત્કાલીન કારોબારી ચેરમેન તુલસી લોહાણા સહીત પાલિકા ધ્વારા સી.સી.ટી.વી કેમેરા, વેબસાઈટ, એલ.ઈ.ડી, ગેરકાયેદસર ઉઘરાવેલી બાંધકામ ટ્રાન્સફર ફી, બેલીમ નાળાના ગેરકાયદેસર બાંધકામ અંગે તથા ડોર ટુ ડોર કચરા નિકાલમાં આચરાયેલી લાખો રૂપિયાની ગેરરીતી સંદર્ભે પાલિકાના નિયામક સમક્ષ પાલિકાના સત્તાધીશો સામે કલમ-૩૭ અને ૭૦ મુજબ પગલાં ભરવા માંગ કરી હતી. જેમાં પુખ્તા આધાર પુરાવાને જોતા નગરપાલિકાના નિયામકે પણ સમગ્ર પ્રકરણને ગંભીરતાથી લઈ પાલનપુર નગરપાલિકાને પાંચ પાંચ નોટીસ ફટકારી દિન-૭ માં ખુલાસો કરવાની તાકીદ કરી હતી. આ અંગે પાલિકાના નિયામકે ૧લી માર્ચના રોજ જીલ્લા કલેકટર પાસેથી પણ સાત દિવસમાં સ્વયંસ્પષ્ટ અહેવાલ રજુ કરવા જણાવ્યું હતું.

જોકે, ભાજપ મોવડી મંડળની જેમ જીલ્લા પ્રશાસને પણ પાલિકાના ઉપપ્રમુખની રજુઆતોને તથા પાલિકા નિયામકની નોટીસોને ગંભીરતાથી ન લેતા આજે ૮૧ દિવસ વીતવા છતાં નોટીસોનો જવાબ આપવામાં પ્રસાશને ઘોર ઉદાસીનતા દાખવી છે. જે અંગે વારંવારની રજુઆતો છતાં પ્રશાસનના પેટનું પાણીયે ન હાલતા હારી-થાકીને પાલિકા ઉપપ્રમુખને ના-છુટકે કુંભકર્ણની ગાઢ નિંદ્રામાં પોઢેલા પ્રશાસને જગાડવા માટે આત્મવિલોપનની ચિમકી આપતા ચકચાર મચી જવા પામી છે. તેઓએ કલેકટરને આપેલી લેખિત રજુઆતમાં આવી ગંભીર બાબતે દાખવાયેલી ઉદાસીનતા બદલ દુઃખ વ્યકત કરી પાલનપુરના શહેરીજનોને હવે ન્યાય નહી મળે તેવો અહેસાસ વ્યકત કરતા આગામી ૧૪ દિવસમાં નિષ્પક્ષ અને ન્યાયી અહેવાલ રજુ નહી કરાય તો આગામી ૨૫મી મે ના રોજ કલેકટર કચેરી સમક્ષ આત્મવિલોપન કરવાની ચિમકી ઉચ્ચારતા રાજકીય વર્તુળો સહીત જીલ્લા પ્રશાસનમાં પણ હડકંપ મચી જવા પામ્યો છે.

# હિંમતનગરમાં બે કોમ વચ્ચે પથ્થરમારો

## એકને ઈજા : સામ-સામે ૮ વિરૂદ્ધ ફરિયાદ : એક મહિલા સહિત ચારની ધરપકડ

હિંમતનગર, તા.૧૪

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગર શહેરના વણઝારાવાસમાં ગુરુવારે સવારે રિક્ષા માં ટેપ મોટે થી વગાડવા બાબતે બે કોમ વચ્ચે બોલાચાલી બાદ પથ્થરમારો થયો હતો.એક ને ઈજા થવા પામી હતી ઘટનાની જાણ થતા હિમતનગરબી ડીવીઝન ના પીએસઆઈ, નાયબ પોલીસ અધિક્ષક સહીત પોલીસ કુમક ઘટના સ્થળે પહોચી મામલો થાળે પાડ્યો હતો અને સામ સામે આઠ વિરુદ્ધ ગુનો નોધી ચાર ની ધરપકડ કરી હતી. જયારે ઈજાગ્રસ્ત ને સારવાર માટે હિમતનગર સિવિલમાં ખસેડાયેલ હતો જે હાલ સારવાર હેઠળ છે.

આ અંગેની વિગત એવી છે કે શહેર ના ન્યાય મંદિર વિસ્તારમાં આવેલ વણઝારાવાસ પાસે આવાસ યોજના બનાવેલી છે જયાં મુસ્લિમ સહીત અન્ય જાતિ ના લોકો રહે છે. જયારથી આવાસ યોજના બનાવી છે ત્યારથી વારંવાર જૂથ અથડામણ થાય છે. વાત એવી છે કે વણઝારાવાસમાં રહેતા તેજાજી ભુરાજી વણઝારાએ ઘર અને આવાસ વચ્ચે રોડ સાઈડે ઉભી રહેલા રિક્ષા નં જીજે - ૦૯ - ઝેડ - ૮૬૯૦ માં ટેપ મોટે અવાજ થી વાગતી હતી જે ધીમી કરવા માટે રિક્ષા આવાસ યોજના જે૬ નંબર માં રહેતા માલિક મકબુલશા જાનુંશા ફકીર કહેતા મકબુલશા ફકીરે લોખંડ ની પાઈપ તેજાજી ને માથાના ભાગે મારી ગંભીર ઈજાઓ કરી હતી જયારે બીજા ઈમરાન મકબુલશા ફકીર, કુલસુમબાનું મકબુલશા ફકીર, અબ્દુલશા અયુબશા ફકીરે મળી તેજાજી ને ગાળો બોલી હતી અને ત્યાર બાદ સામ સામે પથ્થર મારો કર્યો હતો. જેમાં રિક્ષા ઉભી રહેલ રિક્ષાનો કાચ તૂટી જતા નુકશાન થયું હતું. બીજી તરફ ગંભીર ઈજાગ્રસ્ત તેજાજી વણઝારાને તાત્કાલિક હિમતનગર સિવિલમાં સારવાર માટે ખસેડાયેલ આ ઘટના અંગે પોલીસ ને જાણ થતા હિમતનગર બી ડીવીઝન પોલીસ મથકના ઈન્ચાર્જ પીએસઆઈ કે. ડી. બ્રહ્મભટ્ટ, નાયબ પોલીસ અધિક્ષક એમ. આર. ગુર્જ્ઞા સહીત પોલીસ કુમક ઘટના સ્થળે આવી ગઈ હતી અને મામલો થાળે પાડી પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો અને બીડીવીઝન પોલીસે તેજાજી ભુરાજી વણઝારા ની ફરિયાદ આધારે મકબુલશા જાનુંશા ફકીર, ઈમરાન મકબુલશા ફકીર, કુલસુમબેન મકબુલશા ફકીર, અબ્દુલશા અયુબશા ફકીર વિરુદ્ધ અને કુલસુમબાનું મકબુલશા દીવાનની ફરિયાદ આધારે તેજાજી ભુરાજી વણઝારા, ગોવિંદજી ભુરાજી વણઝારા, ભગાજી ભુરાજી વણઝારા અને ભુરાજી પ્રતાપજી વણઝારા વિરુદ્ધ મળી સામસામે આઠ વિરુદ્ધ ગુનો નોધ્યો હતો અને પોલીસે ગોવિંદજી ભુરાજી વણઝારા, ભુરાજી પ્રતાપજી વણઝારા, મકબુલશા જાનુંશા ફકીર અને કુલસુમબેન મકબુલશા ફકીરની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા તો બીજી તરફ ઈજાગ્રસ્ત તેજાજી વણઝારા હિમતનગર સિવિલમાં સારવાર હેઠળ છે.

# મોડાસા-અમદાવાદ માર્ગ પર વડાગામ નજીક ડમ્પર વીજપોલ સાથે અથડાતા અંધારપટ છવાયો

વડાગામ, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામમાં મુખ્ય બજારમાં મોડાસા-અમદાવાદ રાજ્ય ધોરીમાર્ગ પર રસ્તાથી ફક્ત ૬ મીટરના અંતરેજ વિજતંત્રની મુખ્ય ડીપી અને વિજપોલ આવેલા છે. ત્યારે ગઈકાલે રાત્રે ડમ્પર વિજપોલ સાથે અથડાતાં વડાગામમાં અંધારપટ છવાયો હતો. સદનસીબે રાત્રીનો સમય હોવાથી જાનહાની ટળી હતી.

ધનસુરા તાલુકાના વડાગામની મેઈન બજારમાં મોડાસા-અમદાવાદ મુખ્યમાર્ગ પર વાહનચાલકોને નડતરરૂપ બને તેવી રીતે અને કામગીરીમાં બેદરકારી દાખવી હોય તેમ ઉત્તર ગુજરાત વિજ લીમીટેડ કંપનીએ રસ્તાથી ફક્ત ૬ મીટરના અંતરે જ વડાગામની મેઈન ડીપી અને વિજપોલ નાખી દિધા હોવાથી અકસ્માતની ભીતી સેવાઈ રહી હતી. જે અંગેના સમાચાર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા હોવા છતાં નિંદ્રાધીન અધિકારીઓની આંખ ન ઉઘડતાં ગઈકાલે રાત્રે ડમ્પરે વિજપોલને અડફેટે લેતાં વિજપોલ ટૂટી પડ્યો હતો. તેમજ જીવંત વાયરો પણ જમીનને અડકી જતા વડાગામમાં અંધારપટ છવાયો હતો. જેમાં રહીશો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા.


(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

વડાગામના દુકાનદારના વિજપોલની બાજુના એક ડમ્પર પાર્ક કરેલુ હતુ. ત્યારે પાછળથી અજાણ્યા ડમ્પરે ટક્કર મારતાં આગળનું ડમ્પર રગડતા વિજપોલ સાથે ધડાકાભેર અથડાયુ હતુ. વિજપોલ તુટી પડતાં આજુબાજુના રહીશો અને દુકાનદારો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ અંગેની જાણ ધનસુરા વિજતંત્રને કરતાં ૨ કલાકે વિજપુરવઠો પૂર્વવત કરવામાં સફળતા મળી હતી. જ્યારે વડાગામના અડધા વિસ્તારમાં હજુ પણ વિજળી ડુલ થવાથી વડાગામના જણાવ્યા અનુસાર મોડાસા-અમદાવાદ માર્ગ પહોળો બની રહ્યો હતો ત્યારે રોડનું કામ કરતા કોન્ટ્રાક્ટર અને વિજતંત્રને જાણ કરવા છતાં કોઈ યોગ્ય પગલા ન ભરાતાં બન્ને સરકારી વિભાગની બેદરકારીના લીધે વડાગામની જનતાને સહન કરવુ પડ્યુ છે. તદ્‌ઉપરાંત જો આ ઘટના દિવસ દરમ્યાન ઘટી હોય તો મુખ્ય બજારમાં દિવસભર પ્રજાજનોની અવરજવર રહેતી હોવાથી કોઈએ જાન ગુમાવવાનો વારો આવ્યો હોત.

# ખેડબ્રહ્મા વિશ્વકર્મા એકતા રથયાત્રાનું ભવ્ય સ્વાગત

ખેડબ્રહ્મા, તા. ૧૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દ્વારા વિશ્વકર્મા પંચાલ સમાજ એકતા પ્રગતિ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રથયાત્રાનું ગુરુવારે સવારે ૮.૩૦ વાગે ખેડબ્રહ્માના વરતોલ સ્થિત ચામુંડા માતાજીના મંદિરેથી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ રથયાત્રા ખેડબ્રહ્મા આવી પહોંચતા લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે ત્રિવેણી પંચાલ સમાજ ખેડબ્રહ્મા દ્વારા ભવ્ય સ્વાગત અને સામૈયુ કરવામાં આવ્યું હતું. જેમાં ત્રિવેણી પંચાલ સમાજના આબાલવૃદ્ધ સૌ ઉપસ્થિત રહ્યા હતા. પંચાલ સમાજ વાડીમાં રથયાત્રાના રોકાણ દરમિયાન પાલનપુરના સંતશ્રી અમરદાસબાપુ તથા મોયદના રમેશચંદ્રબાપુ આશીર્વચન આપ્યા હતા. આ રથયાત્રા વિજયનગર-ભિલોડા, ઈડર, હિંમતનગર-પ્રાંતિજ-બાયડ મોડાસા થઈ તા. ૨૧ મેના રોજ શામળાજી ખાતે સમાપન કરવામાં આવશે.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ધનસુરાના સરકારી દવાખાનામાં તબીબ હાજર ન મળતા ગ્રામજનોએ દવાખાનાની તાળાબંધી કરી

મોડાસા, તા. ૧૪

ધનસુરા ગામના એક યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા પીતાં પરિવારજનો સહિત તેને લઈ મંગળવારે રાત્રે ૮.૩૦ વાગે સ્થાનિક સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે દોડી ગયા હતા. પરંતુ અહીં એક પણ તબીબ હાજર ના હોઈ ઉશ્કેરાયેલા ગ્રામજનોએ સીએચસીના દરવાજાને તાળાબંધી કરી રોષ ઠાલવ્યો હતો. જેને પગલે આરોગ્ય તંત્રમાં પણ દોડધામ મચી ગઈ હતી.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ધનસુરા ગામના કેતુલ પટેલ નામના યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા પીધી હતી. જેને જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતી હાલતમાં સંબંધીત મંગળવારે રાત્રે ૮.૩૦ વાગે ગામમાં આવેલા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ ગયા હતા. પરંતુ અહીં મેડિકલ ઓફિસર કે સુપ્રિન્ટેન્ડેટ કોઈ જ હાજર ના હોઈ યુવકની સારવારનો પ્રશ્ન સર્જાયો હતો. બાદમાં યુવકને તાબડતોડ મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડી સારવાર પુરી પડાઈ હતી.

બીજી બાજુ આરોગ્ય વિભાગની લાલિયાવાડી વચ્ચે રણીધણી વગરના આ કેન્દ્રમાં ફરજ ઉપર કોઈ તબીબ હાજર ન હોઈ યુવકના સગાસંબંધીઓ અને ગ્રામજનોમાં ઉશ્કેરાટ વ્યાપ્યો હતો અને જોત જોતામાં દવાખાને ભેગા થયેલા ટોળાએ રોષ વ્યક્ત કરી સીએચસીના દરવાજે તાળાબંધી કરી દીધી હતી. સીએચસીના મેડિકલ સુપ્રિ. મોડે મોડે ઘટનાની ગંભીરતા સમજી પોલીસ સ્ટેશને હાજર થયા હતા અને તેમની રજૂઆત બાદ ધનસુરા પોલીસે કેન્દ્ર ઉપર પહોંચી ગેટના તાળા ખોલાવ્યા હતા. આ ઘટનાથી પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

### ત્રણ દીમાં તબીબની બદલી ન થાય તો ફરી તાળાબંધી

ધનસુરા તાલુકાના એકમાત્ર સરકારી દવાખાનામાં કથળેલી સેવાઓના વિરોધમાં ધનસુરા ગ્રામજનોએ અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, આ કેન્દ્રમાં છેલ્લા ૧૨ વર્ષથી ફરજ બજાવી રહેલા ડૉ. એસ.વી. પંડ્યાએ આજદિન સુધીમાં એકપણ ઓપરેશન કર્યુ નથી. કોઈની દવા કરતા નથી, કોઈ દર્દી એવે તો મોડાસા કે અમદાવાદ જ રીફર કરે છે. આ ડૉક્ટર વિરૂદ્ધ વારંવાર આરોગ્ય વિભાગમાં ફરિયાદ કરાઈ છે. જો દિન-ત્રણમાં આ તબીબની બદલી નહીં કરાય તો ફરીથી સીએચસીને તાળાબંધી કરવાની ચીમકી ઉચ્ચારાઈ છે.

# ડીસામાં આંતરરાજ્ય ચીલઝડપ કરતી ગેંગ ઝડપાઈ

## દૂધના વહેપારી પર મેલુ નાખી ચીલઝડપ કરવાનો પ્રયાસ કરનાર પાંચની ધરપકડ

ડીસા, તા. ૧૪

ડીસામાં છેલ્લા ઘણા સમયથી મુસાફરો અને વહેપારીઓ પર મેલુ નાખી કેટલાંક ઈસમો લાખોની ચીલઝડપ કરતાં ઉપરાઉપરી બનતા બનાવોથી લોકોમાં ભય ફેલાયો હતો. આવો જ એક બનાવ મંગળવારે સ્પોર્ટસ ક્લબ નજીક બન્યો હતો. જેમાં અજાણ્યા શખ્સે તેમના કપડા ઉપર મેલુ (ગંદુ પદાર્થ) નાખી નજર ચૂકવીને ચીલઝડપ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ વેપારીની સમય સૂચકતાથી તેઓ બચી ગયા હતા અને ડીસા ઉત્તર પોલીસ મથકે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ જાણવા જોગ અરજી આપી હતી. જેમાં પોલીસે કપડાં ઉપર મેલુ નાખી ચીલઝડપ કરતી ગેંગના પાંચ શખ્સોને ઝડપી પાડ્યા હતા.

આ ચકચારી ઘટનાની વિગતો જોઈએ તો ડીસા શહેર પોલીસે મેલુ નાખી ચીલઝડપી કરતી એક આંતરરાજ્ય ગેંગના પાંચ શખ્સોને ઝડપી પાડ્યા છે. ડીસા શહેર ઉત્તર પોલીસે કપડાં પર મેલુ નાખીને નજર ચૂકવીને ચીલઝડપ કરતી આ ગેંગ આંતરરાજ્યમાં ફેલાયેલી છે. અને આ ગેંગના સભ્યો અનેકો રાજ્યોના રીઢા ગુનેગારો છે. જેમાં ડીસા ઉત્તર પોલીસે સી.સી. ટી.વી. ફૂટેજ આધારે

● અનુસંધાન પાન-૬


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# મોડાસામાં બોલેરો જીપની ચોરી

## સીસીટીવી કેમેરાને પણ અવગણી તસ્કરો ચોરીઓ કરવામાં સફળ

મોડાસા, તા. ૧૪

મોડાસા શહેરની સુરક્ષા માટે ઠેર ઠેર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. જો કે સીસીટીવી કેમેરાને પણ અવગણી તસ્કરો ચોરીઓ કરવામાં સફળ રહે છે.

તીસરી આંખની સતત બાજ નજર હોવા છતાં શહેરના માલપુર માર્ગ પર વલ્લભ ટેનામેન્ટ આગળ મિલનભાઈ પટેલે મંગળવારે રાત્રે દુકાન આગળ બોલેરો ગાડી પાર્ક કરી હતી. પરંતુ ત્યાર બાદ બુધવારે વહેલી સવાર સુધીમાં કોઈ તસ્કરો મુખ્ય માર્ગ પરથી બોલેરોની ચોરી કરીને ભાગી ગયા હતા. વહેલી સવારે વાહનના માલિકે પાર્ક કરેલી બોલેરો જોવા ન મળતા શોધખોળ કરી હતી. પરંતુ કોઈ જ પત્તો ન લાગતા આ અંગે મોડાસા ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ


AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ


ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY


સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE PASSION for EXCELLENCE | JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦